**–:: ફોજદારી કેસ નં.૭૬૯૨/૨૦૨૧ના કામે આંક–૦૧ લગત હુકમ ::–**

હાલના કામનું રેકર્ડ વંચાણે લઈએ તો, ફરીયાદી શ્રી ગુરૂકૃપા સ્ટીલ ટ્રેડીંગ કોર્પોરેશનના વહીવટકર્તા જીતેન્દ્રકુમાર ગણેશભાઈ પટેલ દવારા ધી નેગો. ઈન્સ. એકટની કલમ–૧૩૮ મુજબની ખાનગી ફરિયાદ તા.૧૦/૫/૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામે આરોપી સામે તા. ૧૧/૫/૨૧ ના રોજ પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ થયેલ છે. ત્યારબાદ સદર હુકમ અન્વયે આરોપીને મુદ્દત તારીખ ૯/૯/૨૨ નો સમન્સ ઈસ્યુ કરતા સદર સમન્સ આરોપી ઈસમ ઘર ખાલી કરીને બહાર જતા રહેલ હોવાના શેરા સાથે વગર બજે પરત થયેલ છે. ત્યારથી સદર કામ આરોપીના સરનામું રજુ કરવા પર મુલ્તવેલ છે. સદર કામનો રેકર્ડ ધ્યાને લેતા મુદ્દત તા. ૬/૧૦/૨૨ થી ફરીયાદી કે તેમના એડવોકેટ હાજર નથી. આજરોજ ફરીયાદી તથા પોકાર કરવા છતાં ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર નથી કે તેઓ તરફે કોઈ અરજી કે રજુઆત નથી. સદર કામ ફરીયાદી દવારા આરોપીનું નવું સરનામું રજુ કરીને આગળ ચલાવવાના અભાવે તથા ફરીયાદીની ગેરહાજરીના કારણે સી.આર.પી.સી. કલમ–૨૫૬ તળે સબબ સદર કામ ડીસમીસ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૦ મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૨૩ ના રોજ જાહેર કરવામાં આવે છે.

સ્થળ : હિંમતનગર
તારીખ : ૨૦/૧૨/૨૦૨૩

ભાવેશ વિનોદરાય સંચાણીયા
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા–હિંમતનગર
(કોડ નં. જીજે૦૦૭૪૫)